# ગૌશાળા બનાવવાના નામે લોખંડના વેપારી સાથે ૨.૩૦ લાખની ઠગાઈ

## વેપારી પાસેથી માલ ખરીદીને લખી આપેલા ચેક રિટર્ન થતા ગુન્હો નોંધાયો, આ શખ્સો અનેક લોકો સાથે કરી ચુક્યા છે ઠગાઈ

ભાવનગર,તા.૫

તળાજાના લોખંડના વેપારી પાસેથી લાખો રૂપિયાના પતરા, લોખડના પાઈપોની બે શખ્સોએ ખરીદી કરી હતી અને જેના બદલામાં એક ચેક આપેલ હતો. જે ચેક પરત ફર્યો હતો. બગદાણા ગામે ગૌશાળાનો શેડ બનાવવાનું કહી, લાખો રૂપિયાની વસ્તુઓની ખરીદી કરી, ખોટા ચેક આપી, બે શખ્સોએ છેતરપિંડી આચરતા તળાજાના વેપારીએ તળાજા પોલીસ મથકમાં બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ તળાજાના રામપરા રોડ પર રહેતા અને યાર્ડ નજીક દુકાન ધરાવતા અબ્બાસભાઈ હસનભાઈ કપાસીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, બગદાણા ખાતે થી પંકજભાઈ બોલું છું તેમ કહી એક શખ્સે ફોન કર્યો હતો અને ફોનમાં અમારે બગદાણા ખાતે ગૌશાળા ખાતે માલ ઢોરનો શેડ બનાવવાનો હોય જેથી લોખંડના પાઈપો તેમજ પતરા જોવે છે તેમ કહી, ભાવતાલ નક્કી કરી, અબ્બાસભાઈ પાસેથી રૂા. ૨,૩૦,૦૦૦ના લોખંડના પાઈપો, પતરાની ખરીદી કરી હતી અને તેના બદલામાં આઈસર મોકલી ડ્રાઈવર સાથે રૂા. ૨.૩૦ લાખનો ચેક મોકલ્યો હતો.

વેપારીએ માલ સામાન ટ્રકમાં ભરી આપી, બીજા દિવસે આપેલ ચેક બેન્કમાં જમા કરાવતા જે ચેક પરત ફર્યો હતો. અને જે બાદ વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા વેપારી અબ્બાસભાઈ હસનભાઈ કપાસીએ છેતરપિંડી કરનાર પંકજ તેમજ અજાણ્યા ડ્રાઈવર વિરૂદ્ધ તળાજા પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી.

આ ટોળકી દ્વારા અનેક લોખંડના વેપારી સાથે ઠગાઈ આચરી હોવાનું જાણવા મળ્યું હતું અને અમરેલી જિલ્લા પોલીસ દ્વારા પાલિતાણાનો પંકજ ઉર્ફે જીગો નાવડીયા, વિજય ઉર્ફે ખીર પરમાર તેમજ બાબુ ગોહિલની ધરપકડ કરી હોવાનું સામે આવ્યું છે. અને આ ઘટનામાં સંડોવાયેલો વધુ એક શખ્સ અશરફ ઉર્ફે આપા જુણેજા ફરાર થઈ જતાં અમરેલી પોલીસ દ્વારા શોધખોળ શરૂ કરાઈ છે. આ ટોળકીએ અમરેલી, જાફરાબાદ, મહુવા અને તળાજા વિસ્તારના લોખંડના વેપારીને નિશાન બનાવ્યા હતા.

# ઈશ્વરિયા ગામને ધોરીમાર્ગ સાથે જોડતાં રસ્તામાં પડેલાં ગાબડાં ક્યારે પુરાશે ?



તસવીર : મુકેશ પંડીત

### પદાધિકારીઓ અને અધિકારીઓ ગામની મુલાકાતે આવે છે પણ મરામત થતી નથી

ઈશ્વરિયા,તા.૫

સિહોરના ઈશ્વરિયા ગામને ધોરીમાર્ગ સાથે જોડતાં રસ્તામાં પડેલાં ગાબડાં ક્યારે પુરાશે તે પ્રશ્ન છે. પદાધિકારીઓ અને અધિકારીઓ અનેક કાર્યક્રમો કરી જાય છે, પણ મરામત થતી નથી.

ભાવનગર રાજકોટ ધોરીમાર્ગ સાથે જોડતાં ઈશ્વરિયા ગામને જોડતાં આ માર્ગનું કામ થયાં બાદ તંત્રવાહકોએ કોઈ દરકાર લીધી નથી. કેટલાયે સમયથી આ રસ્તામાં પડેલાં ગાબડાં ક્યારે પુરાશે ? તે પ્રશ્ન ગ્રામજનો કરી રહ્યાં છે.

ઈશ્વરિયા ગામે તાલુકા અને જિલ્લા કક્ષા જેવા કાર્યક્રમો થાય છે, જે લાભ મળે છે, પણ પ્રશ્નો ઉકેલવા પણ જરૂરી છે. પદાધિકારીઓ અને અધિકારીઓ અનેક કાર્યક્રમો કરી જાય છે, પણ આ તૂટી રહેલાં રસ્તાની મરામત થતી નથી. સંબંધિત માર્ગ મકાન વિભાગ આ રસ્તાની સ્થિતિ અંગે કેમ અજાણ રહેતાં હશે...? કે રજૂઆતો થાય, રાજકીય દબાણ ઊભા થાય... આવું થયાં બાદ જ રસ્તાઓ તરફ ધ્યાન દેવાતું હશે. ઉપરી સત્તા તંત્ર આ રસ્તા માટે કાળજી રાખે અને વેઠ ઉતાર્યા વગર વ્યવસ્થિત ગાબડાં પૂરવાનું કામ થાય તે સવેળા અપેક્ષા છે.

# મેરા ટિકટ, મેરી શાનઃ રેલવેના અભિયાનમાં એમ્બ્યુલન્સ ૧૦૮ ટીમની સક્રિય ભાગીદારી



ભાવનગર,તા.૫

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલયાત્રીઓમાં માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવા તથા ડિજિટલ રેલવે સેવાઓનો વધુમાં વધુ ઉપયોગ કરવા માટે જાગૃતિ વધારવાના હેતુથી "મેરા ટિકટ, મેરી શાન – વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન" જનજાગૃતિ અભિયાનનું અસરકારક આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનનું સંચાલન પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક તરુણ જૈનના માર્ગદર્શન અને પ્રેરણાથી કરવામાં આવી રહ્યું છે. આ જ ક્રમમાં તારીખ ૦૪ ફેબ્રુઆરી ૨૦૨૬ (બુધવાર)ના રોજ ભાવનગર ટર્મિનસ સ્ટેશન પર એક અસરકારક જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એમ્બ્યુલન્સ ૧૦૮ના હેડ કપિલ સોલંકી તથા તેમની ટીમની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમ દરમિયાન ભાવનગર મંડળની કલ્ચરલ ટીમ તથા સ્કાઉટ અને ગાઈડની ટીમ દ્વારા નુક્કડ નાટકના માધ્યમથી યાત્રીઓ અને સ્ટેશન પર હાજર જનસમૂહને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવાની મહત્વતા અંગે જાગૃત કરવામાં આવ્યા.

આ અવસરે એમ્બ્યુલન્સ ૧૦૮ની ટીમ દ્વારા એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ જીવનરક્ષક સાધનો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી તથા સામાન્ય નાગરિકોને આકસ્મિક પરિસ્થિતિમાં નિઃસંકોચ ૧૦૮ સેવાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ટીમ દ્વારા સમયસર એમ્બ્યુલન્સ બોલાવવાની પ્રક્રિયા, અકસ્માત સમયે લેવાયેલી તકેદારી અને પ્રાથમિક સારવાર સંબંધિત મહત્વપૂર્ણ માહિતી પણ શેર કરવામાં આવી હતી.

# શેત્રુંજી સિંચાઈ યોજનામાં પાણી મેળવવા માટે અરજીઓ મંગાવાઈ

### સિંચાઈ માટેના પૂરતાં પ્રમાણમાં ફોર્મ આવ્યાં ન હોવાથી અરજી ફોર્મની મુદત ૨૮ ફેબ્રુઆરી સુધી લંબાવાઈ

ભાવનગર,તા.૫

શેત્રુંજી સિંચાઈ યોજનામાં રવિ/ઉનાળુ મોસમ ૨૦૨૫-૨૬ માટે પાણી મેળવવા માટે બાગાયતદારો પાસેથી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં અરજી ફોર્મ માંગવામાં આવ્યાં હતાં પરંતુ સિંચાઈ માટેના પૂરતાં પ્રમાણમાં ફોર્મ આવ્યાં ન હોવાથી અરજી ફોર્મ સ્વીકારવાની મુદત તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

જેથી દરેક બાગાયતદારોએ વધારેલ મુદતમાં સિંચાઈના ફોર્મ અચુક ભરી દેવા. મુળ જાહેરાતની અન્ય શરતો યથાવત રહેશે. બાગાયતદારોએ રવિ/ઉનાળુ મોસમ ૨૦૨૫-૨૬ માટે અરજી ફોર્મ લગત સેકશન કચેરીમાં તાત્કાલિક અસરથી ભરી જવા ભાવનગર જળ સિંચન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી દ્વારા જણાવાયું છે.લંબાવેલ મુદત બાદ સિંચાઈના ફોર્મ દોઢ ગણા દરે સ્વીકારવામાં આવશે. જેની દરેક બાગાયતદારોએ નોંધ લેવી તેમ જળ સિંચન વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# ઉમણીયાવદર ચોકડી પાસે આઇસર-છકડાનો અકસ્માત



મહુવા-ભાવનગર હાઈવે પર ઉમણીયાવદર ચોકડી પાસે આઈસર અને છકડા વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.પ્રાથમિક માહિતી અનુસાર, ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનોને નુકસાન પહોંચ્યું હતું. જોકે, વાહનોમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

# પીકઅપ વાહન નીચે આવી જતા પાલિતાણાના વૃદ્ધાનું મોત

### મંડપ સર્વિસના ગોડાઉનમાં પીકઅપ વાહન ચાલકે અકસ્માત કર્યો

ભાવનગર,તા.૫

પાલિતાણામાં મંડપ સર્વિસના ગોડાઉનમાં બોલેરો પીકઅપ વાહનના ચાલકે વૃદ્ધાને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. જેમાં વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવ અંગે પાલિતાણા ટાઉન પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલિતાણા વેલનાથ વાડી તળાવ વિસ્તારમાં રહેતા વિજયભાઈ બાબુભાઈ ભાટીએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં રમેશ ભીખાભાઈ સોલંકી (રહે.નાના ગરાજી, તા.પાલિતાણા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના દાદી ગોદીબેન જીવાભાઈ ભાટી (ઉ.વ.૮૫) ગત રોજ બપોરના સમયે પાલિતાણા ભાગ્યોદય મંડપ સર્વિસના ગોડાઉન ખાતે હાજર હતા. દરમિયાન ગોડાઉનમાં મંડપનો સામાન ખાલી કરવા આવેલા જીજે-૦૫-બીવી-૫૬૧૯ નંબરના બોલેરો પીકઅપ વાહનમાંથી સામાન ઉતારી ઉક્ત રમેશભાઈએ વાહન શરૂ કરતા સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવી દઈ તેમના દાદીને પીકઅપ વાહનની નીચે અડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમને સારવાર માટે પાલિતાણાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી વૃદ્ધાને ભાવનગર રિફર કરવામાં આવી રહ્યાં હતા ત્યારે રસ્તામાં વૃદ્ધાનું હલનચલન બંધ થઈ જતાં પાલિતાણા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃતજાહેર કર્યા હતા. બનાવ અંગે પાલિતાણા ટાઉન પોલીસે ગુનો નોંધ્યો છે.

# મહુવા-સાવરકુંડલા હાઈવે પર તાવેડા નજીક કારનો અકસ્માત,ચાલક ઘાયલ



ભાવનગરના મહુવા-સાવરકુંડલા હાઈવે પર તાવેડા ગામ નજીક એક કારનો ગંભીર અકસ્માત સર્જાયો હતો.ઝડપભેર આવતી કાર બજરંગદાસ બાપાની મઢી સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે મઢીને નુકસાન થયું હતું અને કાર પલટી મારી ગઈ હતી.આ અકસ્માતમાં કાર ચાલકને ઈજા પહોંચી હોવાના અહેવાલ છે. ઘટના બાદ સ્થાનિકો એકઠા થયા હતા અને રાહત કામગીરી હાથ ધરી હતી. અકસ્માત બાદ બજરંગદાસ બાપાની છબી પણ મઢીમાંથી બહાર આવી ગઈ હતી.

# પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં નવા પ્રાદેશિક અધિકારી તરીકે મનીષ બારડ મુકાયા

ભાવનગર,તા.૫

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા રાજયમાં મોટાભાગના પ્રાદેશિક અધિકારીની બદલી કરવામાં આવી છે. જેમાં ભાવનગર જીપીસીબીના પ્રાદેશિક અધિકારી એન.એમ.કાવરને ગાંધીનગર હેડ ઓફિસ ખાતે બદલી આપવામાં આવી છે, જયારે તેઓના સ્થાને ભાવનગર ખાતે પ્રાદેશિક અધિકારી તરીકે સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટીના પર્યાવરણ ઈજનેર મનીષ જી. બારડની બદલી કરવામાં આવી છે.

# ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા સંત રોહીદાસજીની જન્મજયંતી ઉજવાઈ

સંત રોહીદાસજી મંદિર, આનંદનગર ખાતે અનુ. જાતી મોરચા દ્વારા સંત શિરોમણી રોહીદાસ બાપુની જન્મજયંતી ઉજવવામાં આવેલ જેમાં અનુ. જાતી મોરચાના પ્રમુખ ભરતભાઈ મકવાણા, મહામંત્રી નલીનભાઈ પટેલ, અરવિંદભાઈ રાઠોડ તથા સ્થાનિક હોદ્દેદારઓ અને અનુ. જાતી મોરચાના કાર્યકર્તાઓ તેમજ શહેર અને વોર્ડ સંગઠન અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહીને સંત શિરોમણી ગુરુ રોહીદાસજીની પ્રતિમાને પુષ્પાર્પણ કર્યા હતાં.



# તળાજામાં હાઈવે પર બે ટુ-વ્હીલર વચ્ચે અકસ્માત થતા ત્રણને થઈ ગંભીર ઈજા

ભાવનગર,તા.૫

તળાજા નજીક થયેલા બે ટુ-વ્હીલર અકસ્માત મામલે હવે ઈજાગ્રસ્તોની ઓળખ સામે આવી છે. અકસ્માતમાં ચાર લોકો ઘાયલ થયા છે, જેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર તળાજા નજીક નીલકંઠ સ્કૂલ સામે આવેલ પેટ્રોલ પંપ પાસે બે બાઈક વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા.આ અકસ્માતમાં ઘાયલ ઈજાગ્રસ્તોમાં રામપરા ગામના રહેવાસી નાજાભાઈ પબાભાઈ ચોપડા (ઉંમર ૩૫ વર્ષ), ભારાપરા ગામના મુકતાબેન નંદલાલભાઈ રાઠોડ (ઉંમર ૩૮ વર્ષ), વિશાલભાઈ નંદલાલભાઈ રાઠોડ (ઉંમર ૧૯ વર્ષ) અને ભોમિબેન નંદલાલભાઈ રાઠોડનો સમાવેશ થાય છે.



તસવીર : ધવલ વાજા

# ભાવનગર જિલ્લામાં તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ ૨૫ ફેબ્રુઆરીએ યોજાશે

ભાવનગર,તા.૫

ફેબ્રુઆરી- ૨૦૨૬નો તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ આગામી તા.૨૫/૦૨/૨૦૨૬ (બુધવાર) ના રોજ સંબંધિત મામલતદાર કચેરી ખાતે યોજવામાં આવનાર છે. જેમાં જિલ્લા કલેકટર ભાવનગર ગ્રામ્ય, જિલ્લા વિકાસ અધિકારી ઘોઘા તથા પોલીસ અધિક્ષક મહુવાનાં તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેમજ અન્ય તાલુકાનાં સ્વાગત કાર્યક્રમનું વર્ગ-૧ના અધિકારીઓ સંચાલન કરશે અને લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

જાહેર જનતાને સર્વિસ મેટર, નિતી વિષયક, કોર્ટ મેટર તથા સામુહીક પ્રશ્નો સિવાયનાં પડતર પ્રશ્નો/રજુઆત, જે પોતાને લગત હોય તે અંગેની અરજીઓ આધાર પુરાવા તથા પોતાનાં પુરા નામ-સરનામા અને મોબાઈલ નંબર સાથે તા.૧૦/૦૨/૨૦૨૬ સુધીમાં સંબંધિત તાલુકા મામલતદાર કચેરીએ તથા ગ્રામ્ય કક્ષાએ સંબંધીત તલાટી કમ મંત્રીને રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે.

# જેસરના મોરચુપણાના ખેડૂતે પ્રાકૃતિક કૃષિ મોડેલ બનાવી અન્યો માટે બન્યા પ્રેરણારૂપ

## પાંચ સ્તરીય મિશ્રપાક પદ્ધતિથી પ્રાકૃતિક કૃષિ દ્વારા વૈવિધ્યસભર શાકભાજી ઉત્પાદન કરાયું



ભાવનગર,તા.૫

જેસર તાલુકાના મોરચુપણાં ગામના ખેડૂત સોમભાઈ મોભે માત્ર ૨ વીઘા જમીનમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી મિક્સ શાકભાજી મોડેલ ફાર્મ વિકસાવ્યો છે. રસાયણમુક્ત ખેતી પદ્ધતિ અપનાવી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી તેઓ સારી આવક મેળવી રહ્યા છે. તેમનો આ પ્રયાસ આજના સમયમાં કુદરત સાથે સુમેળમાં ખેતી કેવી રીતે કરવી તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.



સોમભાઈ મોભ દ્વારા પ્રાકૃતિક ખેતીનાં વિવિધ આયામો અને ખાસ કરીને પાંચ સ્તરીય શાકભાજી પાકોના મિશ્રપાક મોડેલ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવે છે. તેઓ રીંગણ, મરચા, ગુવાર, ભીંડો, કોબી, ફ્લાવર, દૂધી, તુરીયા, ગલકા, કાકડી, મૂળા, ગાજર, ટમેટા તેમજ મકાઈ સહિત કુલ ૧૫ પ્રકારની શાકભાજીનું સંયુક્ત વાવેતર કરી રહ્યા છે. આ પદ્ધતિથી જમીનની ઉપજશક્તિ જળવાઈ રહે છે તેમજ વર્ષભર સતત આવક મળે છે.

સોમભાઈ મોભ દ્વારા ગાય આધારિત જીવામૃત, ઘનજીવામૃત, દશપર્ણી અર્ક જેવી કુદરતી દ્રાવણોનો ઉપયોગ કરી ખેતી કરવામાં આવે છે. જેના કારણે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ પરનો ખર્ચ ઘટ્યો છે. માટીની આરોગ્યતા સુધરી છે અને પાકોની ગુણવત્તામાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. સાથે જ આરોગ્યપ્રદ અને રસાયણમુક્ત શાકભાજી ઉપજતાં ગ્રાહકોમાં પણ પ્રાકૃતિક ઉત્પાદનોની માંગ વધતી જોવા મળે છે.

આ મોડેલ ફાર્મની મુલાકાત લેવા આસપાસના વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં ખેડૂત ભાઈઓ અને બહેનાઓ ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન પ્રાકૃતિક ખેતી પદ્ધતિ, મિશ્રપાક આયોજન, ઓછા ખર્ચે ખેતી, માર્કેટિંગ તથા મૂલ્યવર્ધન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રયાસથી પ્રાકૃતિક ખેતી પ્રત્યે ખેડૂતોમાં જાગૃતિ ફેલાઈ રહી છે અને અનેક ખેડૂતો આ પદ્ધતિ અપનાવવાની તૈયારી દર્શાવી રહ્યા છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

